રવિવાર તા. ૫-૧૧-૨૦૨૩
સમય : બપોરે ૨.૩૦ થી ૫.૦૦

કુલ ગુણ ૭૦

# પ્રણવ પારિજાત ટ્રસ્ટ

(AN ISO-9001:2015 Certified Trust)

(રજીસ્ટર્ડ ટ્રસ્ટ - સરકાર માન્ય કલા સંસ્થા)

સંચાલિત

# મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિ

## તબલા – વિશારદ પ્રથમ (મધ્યમાપૂર્ણ)

**સૂચના : બધા પ્રશ્ન ફરજિયાત છે. જમણી બાજુ પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે. ગુજરાતી આવૃત્તિ અંતિમ ગણાશે.**

**પ્ર. ૧ (અ) જોડકા જોડો** **(૫)**

| (અ) | (બ) |
|---|---|
| (૧) ખ્યાલ ગાયન | (અ) ઉ. ઝાકીર હુસૈન |
| (૨) કુઆડ લય | (બ) ચૌતાલ |
| (૩) ખુલ્લો બાજ | (ક) ૪ માત્રાના કાલ સમયમાં ૫ માત્રા |
| (૪) પંજાબ ઘરાના | (ડ) ચાર માત્રા કાલમાં ૭ માત્રા |
| (૫) ૧૨ માત્રા | (ઇ) વિ. ઝુમરા |
| | (ઉ) ધમાર |

**પ્ર. ૧ (બ) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

(૧) પંચમ સવારી....................માત્રાનો તાલ છે.
(૨) આડા ચૌતાલમાં કુલ..............ખાલીઓ આવે છે.
(૩) ...................ઘરાનામાં પખાવજમાં બોલોને તબલા ઉપર વગાડવાની ખાસીયત છે.
(૪) તાલ ચૌતાલ.................ગાયકીમાં વપરાય છે.
(૫) ..................તાલ ઠુમરી ગાયનમાં ઉપયોગી છે.

**પ્ર. ૨ (અ) ખરા ખોટા વિધાનો જણાવી ખોટુ વિધાન સુધારી ફરી લખો.** **(૫)**

(૧) 'તિરકિટ' ફક્ત તબલા ઉપર વાગતા બોલ છે.
(૨) ધ્રુપદ-ધમાર ગાયનમાં બંધ બાજના તાલોનો ઉપયોગ થાય છે.
(૩) લગ્ગી ઠુમરી ગાયનમાં વિશેષ વાગે છે.
(૪) ઝુમરા તાલમાં અંતિમ ખંડ ૩ માત્રાનો છે.
(૫) પેશકાર હંમેશા તબલા વાદનના અંતમાં વપરાય છે.

**પ્ર. ૨ (બ) એક-બે વાક્યમાં જવાબ આપો.** **(૫)**

(૧) આડા ચૌતાલની માત્રા અને તેનો ઉપયોગ જણાવો.
(૨) ખુલ્લા બાજના તાલોના નામ આપો. (કોઈપણ ત્રણ)
(૩) બેદમ તિહાઈ અને દમદાર તિહાઈનો ટુંકમાં ભેદ સમજાવો.
(૪) તબલાવાદકના કોઈપણ બે દોષ જણાવો.
(૫) તબલાના દશ વર્ણો ફક્ત નામ જણાવો.

**પ્ર. ૩ (અ) ટૂકનોંધ લખો. (ગમે તે એક)** **(૫)**

(૧) ફરમાઈશી પરન ઉદાહરણ સહિત સમજાવો.
(૨) દિલ્હી ઘરાના અને તેની વિશેષતા.

**પ્ર. ૩ (બ) પારિભાષિક શબ્દોની વ્યાખ્યા આપો. (ગમે તે પાંચ)** **(૫)**

(૧) પેશકાર (૨) નૌહક્કા તિહાઈ (૩) રેલો (૪) લગ્ગી (૫) કુઆડ (૬) તિસ્ત્ર જાતિ

**પ્ર. ૪ કોઈપણ એક કલાકારનું જીવન ચરિત્ર લખો.** **(૧૦)**

(૨) પં. કિશન મહારાજ (૨) ઉ. ઝાકીર હુસૈન

અથવા

**પ્ર. ૪ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.**

(૧) તબલાના દસ પ્રાણ અને તેની વિસ્તૃત જાણકારી.
(૨) સુગમ સંગીત અને ગઝલ ગાયનમાં તબલા સંગત.

**પ્ર. ૫ (અ) કોઈપણ બે તાલની સંપૂર્ણ માહિતી લખી તેની ઠાય લય લિપિબદ્ધ કરો અને પસંદ કરેલા કોઈપણ એક તાલની તીગુન અને બીજા તાલની ચૌગુન લખો.** **(૧૦)**

(૧) ઝુમરા (૨) આડા ચૌતાલ (૩) ધમાર

**પ્ર. ૫ (બ) માંગ્યા મુજબ લખો. (કોઈપણ પાંચ)** **(૧૦)**

(૧) ચૌતાલની તિગુન લખો.
(૨) ત્રિતાલમાં એક આડ લયનો ટૂકડો લખો.
(૩) એકતાલમાં એક બેદમ તિહાઈ લિપિબદ્ધ કરો.
(૪) સુલતાલમાં એક પરન લિપિબદ્ધ કરો.
(૫) ઝપતાલમાં એક નવહક્કા લિપિબદ્ધ કરો.
(૬) રૂપક તાલમાં એક સમથી સમ સુધીની તિહાઈ લખો.

**પ્ર. ૫ (ક) કોઈપણ બે પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

(૧) ત્રિતાલમાં એક આડ લયનો કાયદો બે પલટા અને એક તિહાઈ લિપિબદ્ધ કરો.
(૨) એકતાલમાં એક ફરમાઈશી ચક્રદાર અને બે મુખડા લખો.
(૩) ૧૫ માત્રાની સવારી અને આડચૌતાલમાં એક-એક કાયદા અને સમથી સમની એક તિહાઈ લખો.

રવિવાર તા. ૫-૧૧-૨૦૨૩
સમય : બપોરે ૨.૩૦ થી ૫.૦૦

કુલ ગુણ ૭૦

# પ્રણવ પારિજાત ટ્રસ્ટ

(AN ISO-9001:2015 Certified Trust)

(રજીસ્ટર્ડ ટ્રસ્ટ - સરકાર માન્ય કલા સંસ્થા)

સંચાલિત

# મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિ

## તબલા – ઉપ વિશારદ (વિશારદ દ્વિતિય)

**સૂચના : બધા પ્રશ્ન ફરજિયાત છે. જમણી બાજુ પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે. ગુજરાતી આવૃત્તિ અંતિમ ગણાશે.**

**પ્ર. ૧ (અ) જોડકા જોડો** (૫)

| (અ) | (બ) |
|---|---|
| (૧) કહેરવા - હીંચ | (૧) દ્રુપદ - ધમાર |
| (૨) તિલવાડા - ઝુમરા | (૨) ગરબા - ભજન |
| (૩) અધ્ધા - દિપચંદી | (૩) તરાના |
| (૪) દ્રુત ત્રિતાલ - દ્રુત એકતાલ | (૪) ઠુમરી |
| (૫) ચૌતાલ - ધમાર | (૫) વિ. બડાખ્યાલ |

**પ્ર. ૧ (બ) ખાલી જગ્યા પૂરો. (ગમે તે પાંચ)** (૫)

(૧) ચાર માત્રામાં સાત માત્રા વગાડવાથી....................લય બને છે.
(૨) ધમાર તાલની જાતિ ....................છે.
(૩) તેવરા તાલ.....................બાજનો તાલ છે.
(૪) અજરાડા ઘરાનામાં...................લયના કાયદાની વિશેષતા છે.
(૫) સ્તુતિ પરન........................ઘરાનાની વિશેષતા છે.
(૬) પંજાબી તાલને...................તાલના પ્રકાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

**પ્ર. ૨ નીચે આપેલ વ્યાખ્યા ત્રણ–ચાર લીટીમાં લખો. (ગમે તે પાંચ)** (૧૦)

(૧) ચક્રદાર તિહાઈ (૨) અનાગત ગ્રહ (૩) કાયદા ચક્રદાર
(૪) ચોપલ્લી પરન (૫) લડી (૬) ખંડ-જાતિ (૭) બેદમ-તિહાઈ

**પ્ર. ૩ ગમે તે બે ટૂંકનોંધ લખો. (આઠ થી દસ લીટીમાં)** (૧૦)

(૧) તબલાવાદકના ગુણ દોષ લખો.
(૨) કોઈ પણ ચાર-ગ્રહ વિશે લખો.
(૩) પરન અને કાયદાના ભેદ વિસ્તૃત માહિતી સાથે સમજાવો.

**પ્ર. ૪ નીચેનામાંથી કોઈપણ એક કલાકારનું જીવન કવન ૨૦ થી ૨૫ લીટીમાં લખો.** (૧૦)

(૧) ઉ. અહમદજાન થીરકવા (૨) ઉ. અલ્લારખાં

અથવા

**નીચેનામાંથી કોઈપણ એક નિબંધ ૨૦ થી ૨૫ લીટીમાં લખો.**

(૧) તાલ-વાદ્યનો ઈતિહાસ. (૨) સંગીતમા તાલનું મહત્વ (૩) સમાનમાત્રાઓ વાળા વિવિધ તાલોની આવશ્યકતા.

**પ્ર. ૫ માંગ્યા મુજબ લખો.** (૩૦)

**(અ) નીચેનામાંથી કોઈપણ બે તાલની ઠાય, લય, દુગુન, તિગુન, ચૌગુન લિપિબદ્ધ કરો.**

૧. મત્તતાલ ૨. જત તાલ ૩. ગજઝંપા ૪. ૧૬ માત્રાની સવારી

**(બ) ૧. ૧૫ માત્રાની સવારી તાલમાં બે કાયદા અને દરેકના બબ્બે પલ્ટા લખો તેમજ ત્રિતાલના એક આવર્તનમાં ચૌતાલ લખો.**

**(ક) ગમે તે બે તાલની તુલના કરો.** (૧૦)

(૧) ઝપતાલ-શૂલતાલ
(૨) ૧૫ માત્રાની સવારે - ગજઝંપા
(૩) દીપચંદી-ધમાર
(૪) પંજાબી-તિલવાડા

રવિવાર તા. ૫-૧૧-૨૦૨૩
સમય : બપોરે ૨.૩૦ થી ૫.૩૦

**પ્રણવ પારિજાત ટ્રસ્ટ**
(AN ISO-9001:2015 Certified Trust)
(રજીસ્ટર્ડ ટ્રસ્ટ - સરકાર માન્ય કલા સંસ્થા)
સંચાલિત

કુલ ગુણ ૧૦૦

# મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિ

## તબલા – અલંકાર – ૧

**સૂચના : બધા પ્રશ્ન ફરજિયાત છે. જમણી બાજુ પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે. ગુજરાતી આવૃત્તિ અંતિમ ગણાશે.**

**પ્ર. ૧ (અ) ખાલી જગ્યા પૂરો. (કોઈપણ પાંચ)** **(૧૦)**

(૧) ફરૂખાબાદ ઘરાનાના સંસ્થાપક....................છે.
(૨) ફરદ એ..........................ઘરાનાની વિશેષતા છે.
(૩) ..................લયના કાયદા અજરાડા ઘરાનાની વિશેષતા છે.
(૪) .................ઘરાનું કિનાર (ચોટી) બાજ તરીકે પ્રસિદ્ધ છે.
(૫) ....................ઘરાનાનો વિકાસ દિલ્હીથી સ્વતંત્ર રીતે થયો છે.
(૬) .....................ઘરાનાનો સંબંધ કથ્થક સાથે છે.

**પ્ર. ૧ (બ) ખરા ખોટા જણાવી, ખોટુ વાકય સુધારીને લખો. (કોઈપણ પાંચ)** **(૧૦)**

(૧) ઝપતાલ તથા શૂલતાલ ખ્યાલ ગાયનમાં ઉપયોગી છે.
(૨) ઠુમરી ગાયનમાં આડા ચૌતાલ (૧૪ માત્રા) નો ઉપયોગ થાય છે.
(૩) ધ્રુપદ ગાયનમાં ચૌતાલ નો ઉપયોગ થાય છે.
(૪) મસીતખાની ગત દ્રુત ત્રિતાલમાં વાગે છે.
(૫) કથ્થક સંગત માટે બંધબાજ વધુ ઉપયોગી છે.
(૬) સામાન્યતઃ સ્વતંત્ર વાદનની શરૂઆત કાયદાથી થાય છે.

**પ્ર. ૨ (અ) કોઈ બે ની ઉદાહરણ સહિત વ્યાખ્યા કરો.** **(૧૦)**

(૧) ચોપલ્લી (૨) એકહથ્થિ પરન (૩) ગત (૪) ઉઠાન

**પ્ર. ૩ કોઈ બે પ્રશ્નનો ૧૦ થી ૧૫ લીટીમાં જવાબ લખો.** **(૨૦)**

(૧) બનારસ ઘરાનાની વાદન શૈલીની જાણકારી.
(૨) તાલના ઠેકાના નિર્માણના સિદ્ધાંત જણાવો.
(૩) સ્વર અને લયનો સંબંધ.
(૪) ગાયન, વાદન અને નૃત્યની સાથે તબલા સંગત વિષે માહિતી લખો.

**પ્ર. ૪ (અ) કોઈપણ એક કલાકારનો જીવન પરિચય આપી તેનું કાર્ય જણાવો. (૨૦ થી ૨૫ લીટીમાં)** **(૨૦)**

(૧) પં. રામ સહાય (૨) ઉ. કરીમતુલ્લા ખાં.

**અથવા**

**પ્ર. ૪ (બ) આડ, કુઆડ અને બિઆડી લયકારી ઉદાહરણ સાથે સમજાવો.**

**પ્ર. ૫ (૧) કોઈપણ બે તાલ માહિતી સાથે લિપિબદ્ધ કરી તિગુનમાં અને ચોગુનમાં લખો.** **(૧૦)**

(૧) યતિશેખર તાલ (૨) વિષ્ણુ તાલ (૩) વિક્રમતાલ

**(૨) વસંત તાલ તથા ચિત્રા તાલમાં એક એક તિહાઈ લીપીબદ્ધ કરો વસંત અને ચિત્રાતાલની ઠાય લખી એક-એક તિહાઈ લખો.** **(૧૦)**

**(૩) આડા ચૌતાલમાં એક ફરમાઈશી તથા કમાલી ચક્રદાર લીપીબદ્ધ કરો.** **(૧૦)**

રવિવાર તા. ૫-૧૧-૨૦૨૩
સમય : બપોરે ૨.૩૦ થી ૫.૩૦

કુલ ગુણ ૧૦૦

# પ્રણવ પારિજાત ટ્રસ્ટ

(AN ISO-9001:2015 Certified Trust)

(રજીસ્ટર્ડ ટ્રસ્ટ - સરકાર માન્ય કલા સંસ્થા)

સંચાલિત

# મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિ

## તબલા - અલંકાર ૨

**સૂચના : બધા પ્રશ્ન ફરજિયાત છે. જમણી બાજુ પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે. ગુજરાતી આવૃત્તિ અંતિમ ગણાશે.**

**પ્ર. ૧ (અ) જોડકા જોડો** (૧૦)

| | |
|---|---|
| ૧. બનારસ ઘરાના | ૧. પરનો વિશેષ પ્રયોગ |
| ૨. દિલ્હી ઘરાના | ૨. રૌ નો વિશેષ પ્રયોગ |
| ૩. લખનૌ ઘરાના | ૩. આડલયના કાયદા |
| ૪. ફરૂખાબાદ ઘરાના | ૪. કિનારનો બાજ |
| ૫. અજરાડા ઘરાના | ૫. બાંટનો પ્રયોગ |

**પ્ર. ૧ (બ) ખરા ખોટા લખો તથા ખોટા વાક્ય સુધારી લખો. (કોઈપણ પાંચ)** (૧૦)

(૧) ગણેશ તાલમાં ખાલી નથી.
(૨) મણિતાલમાં કુલ ૩ ખંડ છે.
(૩) મહેશ તાલમાં ૧, ૪ અને ૭ માત્રા પર તાલી આવે છે.
(૪) નટ તાલ એ બંધ બાજનો તાલ છે.
(૫) બ્રમ્હતાલમાં કુલ ૪ ખાલી આવે છે.
(૬) ઝુમરા તાલમાં ૭મી માત્રા પર ખાલી આવે છે.

**પ્ર. ૨ (અ) કોઈપણ બે ની ઉદાહરણ સહિત વ્યાખ્યા કરો.** (૧૦)

(૧) કાયદાનો વિસ્તાર (૨) રૌ (રવીશ) (૩) પડાર

**પ્ર. ૩ કોઈ એક પ્રશ્નનો ૧૦ થી ૧૫ લીટીમાં જવાબ લખો.** (૨૦)

(૧) લખનૌ બાજની વાદન શૈલી
(૨) તબલા સિવાયના કોઈ એક અવનદ્ધ વાદ્યની વાદન શૈલી

**પ્ર. ૪ કોઈપણ એક કલાકારનો જીવન પરિચય (૨૦ થી ૨૫ લીટીમાં)** (૨૦)

(૧) ઉ. મુનીર ખાં (૨) ઉ. શફાત અહેમદ ખાં.

અથવા

કથ્થક નૃત્યમાં સંગતની રીત જણાવી તાલ ત્રિતાલમાં બે તોડા લીપીબદ્ધ કરવા.

**પ્ર. ૫ (૧) કોઈ બે તાલની સંપૂર્ણ માહિતી આપી તિગુનમાં લખો.** (૧૦)

(૧) બ્રમ્હતાલ (૨) ગણેશતાલ (૩) મણિતાલ

**(૨) કોઈ એક તાલમાં ફરમાઈશી તથા કમાલી ચક્રદાર લખો.** (૧૦)

(૧) મહેશતાલ (૨) મણિતાલ

**(૩) કોઈ એક તાલની કુઆડ તથા બિઆડ લયમાં લખો.** (૧૦)

(૧) ધમાર (૨) ઝપતાલ

રવિવાર તા. ૫-૧૧-૨૦૨૩
સમય : બપોરે ૨.૩૦ થી ૫.૦૦

કુલ ગુણ ૭૦


**પ્રણવ પારિજાત ટ્રસ્ટ**
(AN ISO-9001:2015 Certified Trust)
(રજીસ્ટર્ડ ટ્રસ્ટ - સરકાર માન્ય કલા સંસ્થા)
સંચાલિત


# મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિ

## તબલા - વિશારદ

**સૂચના : બધા પ્રશ્ન ફરજિયાત છે. જમણી બાજુ પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે. ગુજરાતી આવૃત્તિ અંતિમ ગણાશે.**

**પ્ર. ૧ (અ) જોડકા જોડો** (૫)

| | |
|---|---|
| (૧) દિપચંદી તાલ | (૧) ૯ માત્રા |
| (૨) અજરાડા ઘરાના | (૨) ખાલી રહિત |
| (૩) સંકીર્ણ જાતિ | (૩) ૧૫ માત્રા |
| (૪) સવારી તાલ | (૪) ૭ માત્રા |
| (૫) શિખર તાલ | (૫) ઠુમરી |
| | (૬) પં. સુધીર કુમાર સકસેના |

**પ્ર. ૧ (બ) ખાલી જગ્યા પૂરો.** (૫)

(૧) તાલના કુલ.....................પ્રાણ (ખંભ) હોય છે.
(૨) પં. કંઠે મહારાજ.................ઘરાનાના સુપ્રસિદ્ધ તબલાવાદક હતા.
(૩) વિલંબિત ખ્યાલ ગાયનમાં ૧૬ માત્રાનો..................તાલ વગાડવામાં આવે છે.
(૪) તબલા એ....................પ્રકારનો વાદ્ય છે.
(૫) ૧ માત્રામાં ૩ માત્રા વગાડવાથી.................લય બને છે.

**પ્ર. ૨ (અ) ખરા અને ખોટા લખો.(ખોટા સુધારીને ફરીથી લખો)** (૫)

(૧) ઝપતાલ એ ઠુમરી ગાયન સાથે વગાડવામાં આવે છે.
(૨) કોઈપણ તિહાઈને ત્રણ વખત વગાડીએ તો એને નૌહકકા કહેવાય છે.
(૩) તીનતાલ અને એકતાલ તિસ્ર જાતિના તાલ છે.
(૪) સમય માપવાની ક્રિયાને માત્રા કહેવાય છે.
(૫) તબલાનો પ્રથમ ઘરાના દિલ્લી ઘરાના છે.

**પ્ર. ૨ (બ) નીચેના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા લખો. (ગમે તે પાંચ)** (૫)

(૧) પેશકાર કાયદા (૨) આવર્તન (૩) રેલા
(૪) ફરમાઈશી પરન (૫) લગ્ગી (૬) કુઆડ લય

**પ્ર. ૩ આશરે ૧૦ થી ૧૫ લીટીમાં ગમે તે બે ટૂંકી નોંધ લખો.** (૧૦)

(૧) તાલ રચનાના સિદ્ધાંત.
(૨) દિલ્લી / અજરડા ઘરાના વિશે ટુંકનોંધ લખો અને તે જ ઘરાનાના બે પ્રસિદ્ધ તબલાવાદકના નામ લખો.
(૩) વિવિધ ઘનવાદ્યોનો પરિચય આપી દરેક વાદ્ય વિષે માહિતી આપો.

**પ્ર. ૪ કોઈપણ એક કલાકારનું જીવન ચરિત્ર અને પ્રદાન ૨૦ થી ૨૫ લીટીમાં લખો.** (૧૦)

(૧) ઉ. અમીર હુસૈન ખાં (૨) પં. સુરેશ તલવલકર (૩) પં. સામતા પ્રસાદ

અથવા

**કોઈપણ એક વિષય પર નિબંધ લખો.**

(૧) તબલામાં ઘરાનાની આવશ્યકતા.
(૨) નૃત્ય અને વાદ્ય સાથે તબલાસંગત.
(૩) તાલ લખવાની પ્રચલિત પદ્ધતિઓ.

**પ્ર. ૫ માંગ્યા મુજબ લખો.**

(૧) શિખરતાલ લિપિબદ્ધ કરો. તેની દુગુણ, તિગુણ અને ચૌગુણ લિપિબદ્ધ કરો અને શિખરતાલમાં એક ટુકડો લિપિબદ્ધ કરો. (૧૦)

(૨) રૂપકતાલમાં એક ફરમાઈશી પરન, એક કમાલી પરન, બે ટુકડા અને બે બેદમ તિહાઈ લખો. (૧૦)

(૩) ઝપતાલ અને રુદ્રતાલમાં આડલયનાં એક-એક કાયદા, ત્રણ ત્રણ પલટા અને એક એક તિહાઈ લખો. (૧૦)

રવિવાર તા. ૫-૧૧-૨૦૨૩
સમય : બપોરે ૨.૩૦ થી ૫.૦૦

કુલ ગુણ ૭૦

**પ્રણવ પારિજાત ટ્રસ્ટ**
**(AN ISO-9001:2015 Certified Trust)**
(રજીસ્ટર્ડ ટ્રસ્ટ - સરકાર માન્ય કલા સંસ્થા)
સંચાલિત

# મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિ

## તબલા – મધ્યમા (૪થુ વર્ષ)

**સૂચના : બધા પ્રશ્ન ફરજિયાત છે. જમણી બાજુ પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે. ગુજરાતી આવૃત્તિ અંતિમ ગણાશે.**

**પ્ર. ૧ (અ) જોડકા જોડો** (૫)

| | |
|---|---|
| (૧) આડા ચૌતાલ | (૧) ૭ માત્રાની તાલ |
| (૨) પંજાબ ઘરાના | (૨) પં. નંદન મહેતા |
| (૩) તેવરા તાલ | (૩) અલ્લારખાં ખાન |
| (૪) ઠુમરી | (૪) દીપચંદી |
| (૫) તાલ-રૂપક | (૫) ૧૪ માત્રા |
| | (૬) ૭ માત્રા |

**પ્ર. ૧ (બ) ખાલી જગ્યા પૂરો.** (૫)

(૧) બે માત્રાઓ વચ્ચે વધારે અંતર હોય તો એને................લય કહેવાય છે.
(૨) ટુકડા તથા તિહાઈની રચના ત્રણ વાર વગાડવાને...................કહેવાય છે.
(૩) ...................અને..................તાલમાં લગ્ગી બને છે.
(૪) દિપચંદી ધમાર.....................માત્રાના તાલ છે.
(૫) એકતાલ / ચૌતાલમાં...........................ખાલી છે.

**પ્ર. ૨ (અ) ખરા અને ખોટા લખો.(ખોટા સુધારીને ફરીથી લખો)** (૫)

(૧) વિલંબીત લય સાથે કહરવા તાલ વગાડવામાં આવે છે.
(૨) ધ્રુપદ ગાયન સાથે વિલંબીત એકતાલ વગાડવામાં આવે છે.
(૩) દિપચન્દી તાલમાં ૨ ખાલી છે.
(૪) ઝપતાલ અને શૂલતાલ ની માત્રાઓ સમાન છે.
(૫) દાદરા તાલમાં પાંચમી માત્રા પર ખાલી છે.

**પ્ર. ૨ (બ) ટુંકમાં જવાબ લખો.** (૫)

(૧) ઝપતાલ ના ખંડ કયા પ્રકારથી વિભાજીત છે.
(૨) કોઈ તાલ ૧ આવર્તન માં ૩ વાર વગાડવામાં આવે તો એ કઈ લયકારી છે.
(૩) એકતાલમાં કુલ કેટલા ખંડ હોય છે.
(૪) કયા તાલમાં ૪ અને ૬ માત્રા પર ખાલી છે ?
(૫) કયા તાલમાં પહેલી માત્રા પર ખાલી છે.

**પ્ર. ૩ (અ) જવાબ લખો.** (૫)

(૧) તબલા પર કુલ કેટલા વર્ણ બને છે ? એના નામ લખો.
(૨) તબલા વાદ્ય રખ-રખાવમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે ?

**પ્ર. ૩ (બ) સમાન માત્રા વાળા તાલોની જોડી બનાવી સમાનતા લખો. (કોઈપણ બે)** (૫)

(૧) રૂપક-તેવરા (૨) એકતાલ - ચૌતાલ (૩) શૂલતાલ અને ઝપતાલ

**પ્ર. ૪ નીચે આપેલ કોઈપણ એક કલાકારનું જીવન પરિચય તથા યોગદાન લખો.** (૧૦)

(૧) પં. સુધીર સક્સેના (૨) પં. નંદન મહેતા

અથવા

**નીચેના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા લખો. (કોઈપણ પાંચ)**

(૧) ચક્રદાર (૨) ચતુસ્રજાતિ (૩) પેશકાર
(૩) રેલા (૫) આડ લય (૬) લેહરા (૭) કુઆડ લય

**પ્ર. ૫ જવાબ લખો. (કોઈપણ ૩)** (૩૦)

(૧) એકતાલ અને ઝપતાલમાં એક-એક કાયદો તેના બે-બે પલ્ટા અને એક-એક તિહાઈ લખો.
(૨) તાલ ઝપતાલમાં બે મુખડા અને બે ટુકડા લખો.
(૩) તાલ રૂપકની સંપૂર્ણ માહિતી સાથે ઠાય, દુગુન અને ચોગુણ લખો.
(૪) તાલ તીનતાલમાં બે રેલા અને દરેકના ત્રણ-ત્રણ પલ્ટા લખો.
(૫) તીન તાલમાં એક ફરમાઈશી ચક્રદાર લખો અને એક ટુકડો લખો.